## સંક્ષિપ્ત સમાચાર

### અરેઠના બૌધાનની એચ.એમ.વાય. કોટવાલ હાઈસ્કૂલમાં કાર્યક્રમ


હિતેશ પટેલ

માંડવી: અરેઠના બૌધાન ગામે એચ.એમ.વાય. કોટવાલ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે 'પ્રગતિ પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના નાણાં વિભાગના અધિક સચિવ એચ.મન્સુરીની મુખ્ય હાજરી રહી હતી. ઉપરાંત જિલ્લા લોકલ ફંડ ઓડિટર પ્રશાંતભાઈ, લાયઝન અધિકારી વજીરભાઈ ચૌધરી અને આસિસ્ટન્ટ લાયઝન અધિકારી હસુભાઈ ચૌધરીએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમના દાતા અને અરેઠ તાલુકા પંચાયતના દંડક અનિતાબેન લાડે નવો પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

### દોરા ગામનાં તેજસ્વી બાળકોની સિદ્ધિ



આમોદ: આમોદના દોરા ગામની સાત બાળકીઓ અને એક બાળકે ગિનેઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવીને સૌનું ગૌરવ વધાર્યું છે. વડોદરા ખાતે તા. 2 ફેબ્રુઆરી, 2026ના રોજ BAPS (બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા)ના આંતરરાષ્ટ્રીય ચિલ્ડ્રન્સ ફોરમ દ્વારા આયોજિત ભવ્ય કાર્યક્રમમાં કુલ 12,723 બાળકોએ એકસાથે 'સત્સંગ દીક્ષા' ગ્રંથના 315 સંસ્કૃત શ્લોકોનું મોઢે પઠન કરી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. આ વૈશ્વિક રેકોર્ડમાં દોરા ગામના બાળકો પૈકી ખુશી પટેલ (ધો. 6), કાવ્યા પટેલ (ધો. 7), કક્ષા પટેલ (ધો. 3),આન્વી પટેલ (ધો. 6),આરોહી પટેલ (ધો. 6), તુલસી પટેલ (ધો. 7), પ્રાર્થના પટેલ (ધો. 6) અને ધ્યેય પટેલ (ધો. 3)નો સમાવેશ થાય છે. ખાસ નોંધનીય છે કે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી ખુશીબેન, કક્ષાબેન અને આન્વીબેને સંસ્કૃતના શ્લોકો અત્યંત આત્મવિશ્વાસ અને શુદ્ધ ઉચ્ચાર સાથે કડકડાટ બોલી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ખુશીનાં માતા હર્ષિકાબેને જણાવ્યું કે, "મારી પુત્રીને ગુજરાતી બોલવું ઓછું ફાવે, પરંતુ દરરોજની પ્રેક્ટિસથી તેણે 315 શ્લોકો કંઠસ્થ કર્યા અને ગર્વભેર બોલી. આ સિદ્ધિ સુધી બાળકોને પહોંચાડવામાં દોરા ગામ સ્થિત BAPS મંદિરના સંચાલક અવંતિકા પટેલ અને અલકાબેન પટેલનું મુખ્ય યોગદાન રહ્યું છે.

### આશ્રમશાળાનું લોકાર્પણ અને વૃક્ષારોપણ


મેહુલ પટેલ

અનાવલ: મહુવાના કરચેલીયા ખાતે શ્રી સર્વોદય કેળવણી મંડળ સંચાલિત અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૩.૮૧ લાખ ગ્રાન્ટ તથા શ્રી સર્વોદય કેળવણી મંડળના દાતાઓના સંયુક્ત દાનથી ૩.૧.૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત આ શ્ર મ શા ળા નું આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે નવનિર્મિત આશ્રમશાળાનું લોકાર્પણ કરાયું હતું. આ અવસરે ધારાસભ્ય મોહભાઈ ઢોડિયાએ જણાવ્યું હતું કે, મહુવા વિધાનસભા મતવિસ્તારમાં ૧૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂની હોય તેવી ૮૦ ટકા શાળાઓનું નવીનીકરણ કરવામાં આવ્યું છે, જેમાં આ વિસ્તારના વિવિધ કેળવણી મંડળો સાથે જોડાયેલા અગ્રણી માનસિંહભાઈ પટેલે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે ભગીરથ કાર્ય કર્યું છે. આ અવસરે પૂર્વ સાંસદ સભ્ય અને શ્રી સર્વોદય કેળવણી મંડળના પ્રમુખ માનસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે, આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીઓ જીવન જીવવાની કળા શીખે છે. કોઈપણ પડકારોને ઝીલી શકે છે. આ અવસરે સર્વોદય કેળવણી મંડળના માનદ ટ્રેઝરર હિતેન્દ્ર વ્યાસે જણાવ્યું હતું કે, સરકાર અને સર્વોદય કેળવણી મંડળ સાથે મળીને છેવાડાના આદિવાસી બાળકો અભ્યાસમાં આગળ વધવાની કટિબધ્ધતા વ્યકત કરી હતી. મંત્રીએ પ્રતીકરૂપે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કર્યું હતું. ઉપરાંત આશ્રમ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરાયું હતું.

### અંકલેશ્વરમાં કારની ટક્કરે બાઈક સવારનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નવજીવન હોટલ સામે સુરત-અંકલેશ્વર માર્ગ પર ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. સુરતના નાના વરાછાના રહીશ બાબુભાઈ મગનભાઈ વઘાસીયા (ઉં.વ.૬૭) અને તેમના ભાઈ બાવચંદભાઈ બાઈક નં.(GJ-05-HL-1423) પર ગલેઠી ગામેથી પરત ફરી રહ્યા હતા. રોડ ક્રોસ કરતી વખતે સુરત તરફથી પૂરઝડપે આવેલી ઈકો કાર નં.(GJ-16-Z-6587)ના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં બાબુભાઈનું મોત નીપજ્યું હતું, જ્યારે બાવચંદભાઈને ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. અકસ્માત સર્જી ઈકો કારનો ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. મૃતકના ભત્રીજા ભાવેશભાઈની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વર તાલુકા કો.ઓ. પરચેઝ એન્ડ સેલ યુનિયનની સભા યોજાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકા કો.ઓ. પરચેઝ એન્ડ સેલ યુનિયન લિ.ની 82મી સાધારણ સભા એપીએમસી હોલ ખાતે ચેરમેન ભરત પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સભામાં વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભરૂચ ડિસ્ટ્રિક્ટ બેન્કના કન્સલ્ટન્ટ રજનીકાન્ત રાવલે યુનિયનની પ્રવૃત્તિઓની સમીક્ષા સાથે વિકાસલક્ષી સૂચનો રજૂ કર્યાં હતાં. સંસ્થાના મેનેજર શબ્બીર પટેલે આગામી સમયમાં કિફાયતી ભાવે ખાદ્ય તેલનું વેચાણ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

### આજે નેત્રંગ તાલુકામાં બાળકોને પોલિયોનાં ટીપાં પીવડાવાશે

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં આજે ૨૮ જૂને ૦થી ૫ વર્ષના ૧૩,૨૭૭થી વધુ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવાશે. બૂથ બાદ આરોગ્ય ટીમો ઘરે-ઘરે જશે. હેલ્થ ઓફિસર ડો.એ.એન.સિંગે તમામ વાલીઓને બાળકોને ફરજિયાત રસી અપાવી ભારતને પોલિયોમુક્ત રાખવાના આ મહાયજ્ઞમાં સહકાર આપવા અપીલ કરી છે.

# દ્વારકાથી પરત ફરતા પરિવારને અકસ્માત, માતા-પુત્રનું મોત

**સુરતના** આંબલિયા પરિવારના 8 સભ્ય કારમાં દ્વારકા દર્શનાર્થે ગયા હતા

**ભરૂચના** કેલોદ ગામ નજીક ઊભેલા ટ્રેલર પાછળ કાર અથડાઈ

**કારમાં** સવાર અન્ય છ ઘાયલ, હોસ્પિટલ ખસેડાયા



ભરૂચ: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શનિવારે વહેલી સવારે અકસ્માતમાં દ્વારકા યાત્રાએ ગયેલાં માતા અને 12 વર્ષીય પુત્રનું મોત નીપજ્યું હતું. કેલોદ ગામ પાસે રોડ કિનારે ઊભેલા ટ્રેલરમાં ઈકો વાન ઘૂસી ગઈ હતી.

સુરતના આંબલિયા પરિવારના 8 સભ્ય ઈકો કારમાં દ્વારકા દર્શનાર્થે ગયા હતા. દર્શન પૂર્ણ કરી શનિવારે સવારે લગભગ 5 વાગ્યે તેઓ સુરત પરત ફરી રહ્યાં હતાં. ત્યારે ભરૂચના કેલોદ ગામ નજીક અકસ્માત સર્જાયો હતો. રસ્તાના કિનારે ઊભેલા ટ્રેલર પાછળ ઈકો વાન ધડાકાભેર અથડાતાં વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં હાઈવે પેટ્રોલિંગ ટીમ અને 108 એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ઘાયલોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ગીતાબેન મનોજ આંબલીયા અને તેમના 12 વર્ષીય પુત્ર ચિંતન મનોજ આંબલીયાને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત સૃષ્ટિ મનોજ આંબલીયા, મનોજ કલ્યાણ આંબલીયા અને સોનલ વિજય ઘોઘારી સહિત 6 લોકો ઘાયલ થયા છે, જેમાંથી બેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. ભરૂચ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


પ્રવીણ તેરૈયા

## સારંગપુર ગામમાં ઘાસચારામાં આગ ભભૂકી ઊઠતાં ભેંસ દાઝી

**ફાયર** બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામ નજીક આવેલા યોગેશ્વર નગરમાં પશુના તબેલામાં સંગ્રહ કરાયેલા ઘાસચારાના જથ્થામાં અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જીઆઈડીસી ફાયર વિભાગની બે ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનામાં એક ભેંસ દાઝી જતાં તેને પશુચિકિત્સક દ્વારા સારવાર આપવામાં આવી હતી. યોગેશ્વર નગરમાં રહેતા પશુપાલક મેલાભાઈ ભરવાડે પોતાના તબેલામાં પશુઓ માટે મોટા પ્રમાણમાં ઘાસચારાનો જથ્થો સંગ્રહ કર્યો હતો. શનિવારે બપોરના સમયે અચાનક કોઈ અજાણ્યા કારણોસર ઘાસચારામાં આગ લાગી હતી. આગની જાણ થતાં મેલાભાઈ ભરવાડ તેમજ આસપાસના રહીશો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો છંટકાવ કરી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આગ ઝડપથી પ્રસરી ગઈ હતી. ત્યારબાદ જીઆઈડીસી ફાયર વિભાગને જાણ કરવામાં આવતા બે ફાયર બ્રિગેડ સાથે ફાયર કર્મીઓ સ્થળ પર પહોંચી પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

## ભરૂચમાં ચૈતર વસાવાના સમર્થનમાં માર્ચ યોજાતાં કાર્યકરોની અટકાયત

**આપના** કાર્યકરોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા

**એ-ડિવિઝન** પોલીસે 15થી વધુ કાર્યકરની અટકાયત કરી




ભરૂચ: ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને સાત વર્ષની સજાના ચુકાદા બાદ રાજ્યભરમાં રાજકીય માહોલ ગરમાયો છે. આ ચુકાદાના વિરોધમાં આમ આદમી પાર્ટી અને આદિવાસી સંગઠનો દ્વારા સમર્થન કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે શનિવારે ભરૂચ શહેરના રેલવે સ્ટેશન સર્કલ ખાતે ચૈતર વસાવાના સમર્થનમાં 'સમર્થન માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો, વિવિધ સંગઠનોના આગેવાનો અને મહિલાઓ પોસ્ટર-બેનરો સાથે રેલવે સ્ટેશન સર્કલ ખાતે એકત્ર થયા હતા. માર્ચ શરૂ કરતા પહેલાં ઉપસ્થિત લોકોએ ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ ચૈતર વસાવાના સમર્થનમાં અને સરકારવિરોધી સૂત્રોચ્ચાર કર્યાં હતાં.

આયોજકોએ કાર્યક્રમ માટે અગાઉથી પરવાનગી માંગી હતી, પરંતુ તંત્રએ મંજૂરી આપી ન હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે એ-ડિવિઝન પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે માર્ચ આગળ વધે તે પહેલાં જ આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી તેમને એ-ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જો કે, સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતું કે અટકાયતમાં લેવાયેલાઓને થોડા કલાક બાદ છોડી દેવામાં આવ્યા હતા.ચૈતર વસાવાના સમર્થનમાં યોજાયેલા આ કાર્યક્રમને લઈ ભરૂચમાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે. આમ આદમી પાર્ટીના આગેવાનો અને સમર્થકોએ સજાના ચુકાદાને અન્યાયપૂર્ણ ગણાવી લોકશાહી ઢબે વિરોધ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી છે. પોલીસ તંત્રે જણાવ્યું હતું કે, સમગ્ર કાર્યવાહી કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુથી કરવામાં આવી હતી.

## વિરપોરમાં શાળા શરૂ થાય એ પહેલાં જ લીલાં વૃક્ષોનું નિકંદન !

**સફાઈના** બહાને સાગ અને લીમડાનાં તોતિંગ વૃક્ષો કાપી નાંખવામાં આવતાં ગ્રામજનોમાં રોષ



વાલોડ: વાલોડના વિરપોર ગામે પ્રાથમિક શાળામાં આવેલા સાગ તેમજ લીંબડાનાં તોતિંગ વૃક્ષો કાપી નાંખવામાં આવતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે ગ્રામજનોએ પણ વનવિભાગને જાણ કરી હોવા છતાં કસૂરવારો સામે પણ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં એકબીજાના મેળાપીપણામાં મોટો ખેલ ખેલાયો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ એકતરફ સરકાર લોકોને વૃક્ષારોપાણ કરવા આહવાન કરી રહી છે અને તેની પાછળ હજારો કરોડો રૂપિયાનો ખર્ચો કરી રહી છે. પરંતુ આપણે વાલોડના વિરપોર ગામમાં સાવ ઊંધું જોવા મળી રહ્યું છે. વિરપોર ગામે ઘણા સમયથી પ્રાથમિક શાળા બંધ હાલતમાં હોવાથી ગામનાં બાળકો શિક્ષણ મેળવવા માટે અન્ય ગામની શાળામાં જતાં હોય છે. ત્યારે ગ્રામજનોએ ડીડીઓથી લઈ અનેક કચેરીના દ્વાર ખખડાવી શાળા શરૂ કરવા માટે મંજૂરી મેળવી છે. ત્યારે શાળા શરૂ થાય તે પહેલાં જ શાળામાં આવેલાં વર્ષો જૂનાં વૃક્ષો લીંબડો, સાગ સહિત અનેક વૃક્ષો નડતરરૂપ ન હોવા છતાં તેનું નિકંદન કાઢી નાંખ્યું છે. વૃક્ષ કાપવાની કામગીરી ચાલુ હતી, એ સમયે ગામના ઉપસરપંચ પણ ત્યાં જ હાજર હતા. સફાઈના નામે ઇમરાતી લાકડાનો ખેલ કરવામાં આવ્યો હોવાનું પકડાતાં ગ્રામજનોએ વનવિભાગને જાણ કરી હતી. વનવિભાગની ટીમ સ્થળ ઉપર આવી હતી. પણ હજુ સુધી કોઈ કાર્યવાહી ન થતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.


વિશાલ પટેલ

## મોરથાણામાં ફાર્મ હાઉસમાં જુગાર રમતા સાત પકડાયા

કામરેજ: મોરથાણા ગામની હદમાં કૃષ્ણા ફાર્મમાં ગંજીપાના પર હારજીતનો જુગાર રમતા સાત ઈસમોને કામરેજ પોલીસે પકડી પાડી દાવ પરના રોકડા રૂ.1,18,500 મળી કુલ્લે રૂ.5,71,810નો મુદ્દામાલ ઝડપી પાડી ફાર્મ ભાડે આપનાર માલિકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

કામરેજ તાલુકાના મોરથાણા ગામની હદમાં કૃષ્ણા ફાર્મમાં ગંજીપાના પર હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પો.કો ધનશ્યામસિંહને મળતા સ્ટાફ સાથે મધુ કનુભાઈ ભુવાના ફાર્મમાં રેડ કરતાં જુગાર રમતાં નાજુ પાતા કામળીયા (ઉ.વ.35, હાલ રહે. ઘર નંબર 104,ક્રિષ્ના એપાર્ટમેન્ટ,સંતોષ નગર, વરાછા, મુળ રહે. ગુંદરણા,તા.મહુવા,જિ.ભાવનગર), પ્રતાપગીરી કરશનગીરી ગૌસ્વામી (ઉ.વ.48,હાલ રહે.ઘર નંબર 337,ભગીરથ સોસાયટી, વરાછા, મુળ રહે. સોનપરા,તા.ગીરગઢડા, જિ. ગીર સોમનાથ), જીતુ ભગુ ભુવા (ઉ.વ.40,ઘર નંબર 269, વિભાગ-1,ભગીરથ સોસાયટી, વરાછા, મુળ રહે. ખારડી, તા. તળાજા, જિ.ભાવનગર), જીતુ ગીગાભાઈ ભમ્મર (ઉ.વ.33, ઘર નંબર 313, વિભાગ-1, ભગીરથ સોસાયટી, વરાછા, મુળ રહે. રાણપરા, તા.જેસર, જિ.ભાવનગર), આલુભાઈ બાઘાભાઈ કામળિયા (ઉ.વ.35,હાલ રહે.103 અમરધામ સોસાયટી, અમરદીપ એપાર્ટમેન્ટ, પુણા,મુળ રહે. ગુંદરણા, તા.મહુવા, જિ. ભાવનગર), રાજુ માલાભાઈ (ઉ.વ.31,ક્રિષ્ના એપાર્ટમેન્ટ, સંતોષનગર, વરાછા) ને પકડી દાવ પરના રોકડા રૂ.1,18,500 તેમજ અંગજડતી કરતાં રૂ.1,47,310, મોબાઈલ નંગ-7 કિંમત રૂ.1,11,000, મોપેડ કિંમત રૂ.50000, બે બાઈક કિંમત રૂ.1,45,000 મળી કુલ રૂ.5,71,810નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેથળ ગુનો નોંધી ફાર્મ ભાડે આપનાર માલિક મધુ કનુ ભુવા (રહે.પુણા ગામ)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ઝઘડિયામાં વિદેશી દારૂ ઝડપાયો

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયાના ભરૂચીઆંબા ગામે GIDC પોલીસે બાતમીના આધારે રેડ પાડી અજય ગણપતભાઈ વસાવાના ઘરેથી રૂ.૩૨૫૭નો વિદેશી દારૂ ૧૯ બોટલ ઝડપી પાડી હતી. પોલીસની રેડ જોઈ આરોપી અજય ભાગી છૂટ્યો હતો. પોલીસે તેની સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મુલદ ચોકડી નજીક બે ટ્રક વચ્ચે અકસ્માત, ચાલક ફસાયો

**કેબિનમાં** ફસાયેલા ચાલકને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયો


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર મુલદ ચોકડી પાસે શનિવારે બે કપચી ભરેલા હાઈવા ટ્રકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતમાં એક ટ્રકનો આગળનો ભાગ ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થતાં ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો. બચાવ કામગીરી બાદ તેને સુરક્ષિત બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર મુલદ ચોકડી પાસે બે હાઈવા ટ્રકો વચ્ચે જોરદાર ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. ટક્કરની તીવ્રતા એટલી વધુ હતી કે એક ટ્રકની કેબિન સંપૂર્ણપણે ચગદાઈ ગઈ હતી અને તેમાં ચાલક ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો, પોલીસ તેમજ બચાવ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. બચાવ ટીમે ભારે જહેમત બાદ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી કેબિનમાં ફસાયેલા ચાલકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતને પગલે નેશનલ હાઈવે પર થોડા સમય માટે વાહનોની લાંબી કતારો લાગી હતી. પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિકને નિયમિત કરી વાહનવ્યવહાર પૂર્વવત બનાવ્યો હતો. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચ આરટીઓ ઈન્સ્પેક્ટરની માનવતા



ભરૂચ: તાજેતરમાં ભરૂચ RTO ઈન્સ્પેક્ટર જે.આર.રાઠોડે માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક વ્યક્તિનો જીવ બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ઘટના મુલેજ ચોકડી નજીકની છે, જ્યાં RTO ઈન્સ્પેક્ટર રાઠોડ વાહનોના ચેકિંગ માટે ડ્યૂટી પર હતા. ત્યારે જ અચાનક એક ઝડપી વાહન અને દ્વિચક્રી વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઘટના જોતાં જ ઈન્સ્પેક્ટર રાઠોડે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ઘાયલની સ્થિતિનું મૂલ્યાંકન કરી 112 ઈમરજન્સી સેવાનો સંપર્ક કરી ઘાયલને હોસ્પિટલમાં ખસેડવામાં સહયોગ આપ્યો હતો.

## જંબુસરમાં મહિલા કંડક્ટરને હેરાન કરનાર સામે કાર્યવાહી

ભરૂચ: જંબુસર ST ડેપોમાં ફરજ બજાવતી મહિલા કંડક્ટરને માનસિક હેરાનગતિ અને અપમાનજનક વાણીનો ભોગ બનવું પડ્યું છે. ડેપોના ટ્રાફિક કંટ્રોલર સાદીકભાઈ આદમભાઈ પટેલ લાંબા સમયથી મહિલા સાથે અયોગ્ય વર્તન કરતા હતા અને વિરોધ કરવા પર ધમકી આપતા હતા. આખરે પીડિતાએ જંબુસર પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી તેને ભરૂચ સબજેલમાં મોકલી આપ્યો છે. બીજી તરફ જંબુસર ST ડેપો મેનેજર નરેન્દ્રસિંહ રાઠોડે સ્ટાફનાં નિવેદનો લઈ ત્વરિત તપાસ હાથ ધરી આરોપી સાદિક પટેલને સસ્પેન્ડ કરી દીધો છે. આ ઘટનાથી ST નિગમમાં મહિલાઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઊઠ્યા છે.

Milano MULTIPLEX
બારડોલી
Welcome To The Jungle
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 05:00pm, 06:45pm, 09:00pm, 10:00pm
Cocktail 2
11:00am, 02:30pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333